# ગુજરાતમાં કોરોનાના કહેર : વધુ ૯૦ કેસ

## ગુજરાતમાં કુલ કેસોની સંખ્યા ૪૬૮ : મૃતાંક ૨૨ : વડોદરામાં સૌથી વધુ ૧૮ અને અમદાવાદમાં ૧૫ કેસ સપાટી પર

ગાંધીનગર, તા.૧૧

ગુજરાતમાં પણ કોરોના કેસોમાં જોરદાર ભડકો થયો છે. હાલત દિન પ્રતિનિ વધુને વધુ ખરાબ થઈ રહી છે. કેસોની સંખ્યામાં સતત મોટો વધારો થયો છે. આજે વધુ ૩૬ નવા કેસો સપાટી પર આવ્યા છે. આની સાથે જ રાજ્યમાં કુલ કેસોની સંખ્યા વધીને ૪૬૮ ઉપર પહોંચી ગઈ છે. આજે અમદાવાદમાં ૧૫, વડોદરામાં ૧૮, ભરુચમાં એક, ગાંધીનગરમાં એક, છોટા ઉદેપુરમાં એક સહિત ૩૬ દર્દીઓ પોઝિટિવ આવ્યા હતા જ્યારે રાજ્યમાં ૪૬૮ કુલ પોઝિટિવ દર્દીઓનો નોંધાઈ ચુક્યા છે. હજુ ચાર દર્દીઓ વેન્ટીલેટર પર છે. ૩૯૮ લોકો સ્થિર સ્થિતિમાં છે. આજે ત્રણ લોકોના મોત થયા હતા. આની સાથે જ કુલ મોતનો આંકડો વધીને ૨૨ પર પહોંચ્યો છે અને ત્રણેય મોત અમદાવાદમાં થયા છે જે પૈકી ૬૫ વર્ષીય પુરુષનું અમદાવાદ એસવીપી હોસ્પિટલમાં મોત થયું છે જ્યારે ૭૦ વર્ષીય પુરુષનું સિવિલ હોસ્પિટલ અમદાવાદ અને ૬૫ વર્ષીય પુરુષનું સિવિલ હોસ્પિટલમાં મોત થયું છે. રાજ્યમાં મોતનો આંકડો પણ વધ્યો છે. આજે સ્વસ્થ થયા બાદ કુલ ૧૦ લોકોને રજા આપી દેવામાં આવી છે. અમદાવાદમાં આજના નવા કેસોની સાથે જ કેસોની સંખ્યા વધીને ૨૪૩ થઈ છે. રાજ્યમાં કોરોનાથી સૌથી વધુ પ્રભાવિત વિસ્તારમાં અમદાવાદ સામેલ છે. આજે નવા નોંધાયેલા ડિસ્ચાર્જ લોકોની વાત કરવામાં આવે તો ગાંધીનગર સિવિલમાંથી બે, સુરત સિવિલમાંથી બેને રજા આપવામાં આવી છે. પોરબંદરમાં જનરલ હોસ્પિટલમાંથી બે-બે, ભાવનગરમાં સરટીમાંથી બે-બેને રજા આપવામાં આવી છે. ક્વોરનટાઈન દર્દીઓની વાત કરવામાં આવે તો હોમ ક્વોરનટાઈન રહેલા દર્દીઓની સંખ્યા ૧૦૭૩૫ છે જ્યારે સરકારી ફિસિલિટીમાં ક્વોરનટાઈન રહેલા દર્દીઓની સંખ્યા ૧૧૩૫ છે. કુલ ક્વોરનટાઈન રહેલા દર્દીઓની સંખ્યા ૧૨૦૪૨ રહી છે. હજુ સુધી ૯૭૬૩ ટેસ્ટ કરવામાં આવ્યા છે જે પૈકી ૪૬૮ પોઝિટિવ આવ્યા છે અને ૮૮૮૮ નેગેટિવ આવ્યા છે. ૪૦૭ના પરિણામ બાકી રહ્યા છે. ડ્રોનમાં સ્પીકર લગાવીને લોકોને સંદેશો આપવા માટે નવો પ્રયોગ કરવામાં આવ્યો છે. કોરોના-૧૯ની કામગીરી સંભળતા રાજ્ય સરકારના કોઈપણ કર્મચારીનું કોરોના ચેપના લીધે મૃત્યુ થશે તો કર્મચારીના પરિવારને ૨૫ લાખ રૂપિયાની સહાયતા કરવામાં આવશે તેવી જાહેરાત પણ કરવામાં આવી છે. કોરોના અને લોકડાઉનની સ્થિતિમાં ગુજરાતમાં હજુ સુધી ૪૦ લાખ કરતા વધુ ખેડૂતોને પ્રધાનમંત્રી કિસાનનિધિ યોજના હેઠળ દરેક ખેડૂતના ખાતામાં જંગી રકમ જમા કરવામાં આવી છે. ક્વોરનટાઈનની વાત કરવામાં આવે તો અમદાવાદ શહેર વિસ્તારમાં જોવા મળેલા પોઝિટિવ દર્દીઓના ક્લસ્ટરના પગલે રાજ્ય સરકારે આ વિસ્તારમાં ક્લસ્ટર કન્ટેન્ટમેન્ટ કામગીરી હાથ ધરી છે જેના ભાગરુપે આ વિસ્તારોને સંપૂર્ણરીતે લોકડાઉન કરવામાં આવે છે તેમજ સઘન સર્વે હાથ ધરીને હાઈરિસ્ક અને રોગના લક્ષણ ધરાવતા દર્દીઓ શોધી કાઢી તેમના નિદાન અને સારવારની કામગીરી હાથ ધરવામાં આવે છે. આના ભાગરુપે અમદાવાદમાં ક્લસ્ટરમાં અમદાવાદમાં ૧૪, સુરતમાં બે, ભાવનગરમાં બે, વડોદરામાં બે, રાજકોટમાં બે કુલ ૨૨ ક્લસ્ટર વિસ્તારોમાં આ મુજબની કાર્યવાહી ચાલી રહી છે. રાજ્યમા હવે કોરોનાનો કાળો કરે ખતરનાક અને સાચા અર્થમાં ચિંતાજનક બની રહ્યો છે. કારણ કે, જે પ્રમાણે અને ઝડપે સતત કોરોના પોઝિટિવ કેસોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે તે જોતાં આગામી દિવસોમાં રાજયમાં કોરોનાનો કહેર ભયંકર અને ભયાવહ બની શકે છે. સતત વધી રહેલા કેસો અંગે આરોગ્ય અગ્ર સચિવ ડો.જયંતિ રવિએ જણાવ્યું છે કે હોટસ્પોટ અને ક્લસ્ટર કરવામાં આવેલા વિસ્તારોમાં સઘન ચેકિંગ અને ટેસ્ટિંગ પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે જેના કારણે કેસોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. ટેસ્ટિંગ વધારી દેવાથી આ વિસ્તારોમાં પોઝિટિવ કેસો વધી રહ્યાં છે અને આગામી કેટલાક દિવસોમાં પણ વધારે કેસો બહાર આવી શકે છે. અમદાવાદ સહિત રાજ્યભરમાં કોરોનાના કેસોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| અમદાવાદ ૨૪૩ | વડોદરા ૯૫ | સુરત ૨૮ | રાજકોટ ૧૮ | ગાંધીનગર ૧૫ | ભાવનગર ૨૩ |
| ગીરસોમનાથ ૦૨ | પોરબંદર ૦૩ | મહેસાણા ૦૨ | પાટણ ૧૪ | કચ્છ ૦૪ | છોટાઉદેપુર ૦૩ |
| પંચમહાલ ૦૨ | જામનગર ૦૧ | મોરબી ૦૧ | સાબરકાંઠા ૦૧ | આણંદ ૦૫ | ભરૂચ ૦૮ |



જિલ્લા વિકાસ અધિકારી આર.આર. રાવલની સૂચના અનુસાર ગાંધીનગર તાલુકામાં કોરોના વાયરસ નું સંક્રમણ અટકે અને ભવિષ્યમાં ગામ વિસ્તારમાં એક પણ પોઝિટિવ કેસ ન નોંધાય તે માટે તાલુકા વિકાસ અધિકારીશ્રી, સરપંચ અને તલાટી કમ મંત્રીશ્રીઓને સૂચના આપી. તાલુકા વિકાસ અધિકારીશ્રી ગાંધીનગર જી. એ. ધાંધલિયાના જણાવ્યા અનુસાર ગાંધીનગર તાલુકાના તમામ ગામોમાં પોલીસને સહયોગ આપવાના હેતુથી સરપંચશ્રીઓ અને તલાટી કમ મંત્રીશ્રીઓએ સ્વયંસેવકોની ટીમ બનાવી ગામમાં તમામ મુખ્ય માર્ગો પર નાકાબંધી કરવામાં આવી છે. ગામના મુખ્ય માર્ગો પર વાંસ અને અન્ય અવરોધો આડા મુકી ગામમાં કોઈપણ બહારથી વ્યક્તિ પ્રવેશે નહિ તે અંગેની તકેદારી રાખવામાં આવી રહી છે. lockdown ચુસ્તપણે અમલ થાય તે માટે ગ્રામજનો તરફથી ખૂબ જ સહયોગ આપવામાં આવી રહ્યો છે. ઉવારસદ ગામ માં ગ્રામપંચાયત તરફથી ડ્રોન મારફતે સર્વેલન્સ કરાવી લોકડાઉનની સ્થિતિ અંગે ચકાસણી કરવામાં આવી હતી. તાલુકાના તમામ ગામોમાં house to house આરોગ્ય વિભાગનો સર્વે ચાલી રહ્યો છે જેમાં શંકાસ્પદ લક્ષણો અને તાવ શરદી ઉધરસ ધરાવતા દર્દીઓને તાત્કાલિક આરોગ્ય વિભાગને રીફર કરવામાં આવી રહ્યા છે. કોરોનાગ્રસ્ત hotspot એરીયા ગાલા હેવન સોસાયટી વૈષ્ણોદેવી સર્કલ નજીક ખોરજ ખાતે સોસાયટી દ્વારા સેનિટાઈઝેશન મશીન મૂકવામાં આવ્યુ છે. જેથી કરીને બહારથી આવેલા તમામ વ્યક્તિઓ સેનીટાઈઝ થઈને જ સોસાયટીમાં પ્રવેશ કરે છે.

## ગુજરાતમાં ત્રણ તબક્કામાં હટશે લોકડાઉન! રાજ્ય સરકારે કેન્દ્રને મોકલ્યો રિપોર્ટ

### ગ્રીન ઝોનમાં લોકોને બહાર નીકળવાની છુટ, યલો ઝોનમાં પ્રતિબંધો સાથે, રેડ ઝોનમાં બહાર નહિ નીકળવાનું, મોલ-મલ્ટીપ્લેક્સ, સ્કુલ-કોલેજો હાલ બંધ જ રહેશે,પબ્લીક ટ્રાન્સપોર્ટેશની પણ મંજુરી નહિ

ગાંધીનગર,તા.૧૧

કોરોના વાયરસ સામે લડવા માટે પ્રધાનમંત્રી મોદીએ ૨૧ દિવસના લોકડાઉનની જાહેરાત કરી હતી. ૧૪મી એપ્રિલે ખતમ થઈ રહેલા આ લોકડાઉન બાદ ગુજરાત સરકાર તબક્કાવાર પ્રતિબંધો હટાવશે. સૂત્રો મુજબ, ગુજરાત સરકરારે કેન્દ્રને લોકડાઉનમાં તબક્કાવાર ઢીલ આપવા વિશે એક રિપોર્ટ મોકલ્યો છે. હાઈ-લેવલ કમિટીએ કોવિડ-૧૯ના કેસો અને ક્વોરન્ટાઈન કરાયેલા લોકોની સંખ્યાને આધારે રાજ્યને ત્રણ- ગ્રીન, યેલો અને રેડ ઝોનમાં વહેંચવાનો પ્રસ્તાવ મૂક્યો છે.

આ બાબત સાથે સંકળાયેલા સૂત્રો મુજબ, આ રિપોર્ટ મુજબ, ગ્રીન ઝોનમાં લોકોને બહાર નીકળવાની પરમીશન આપવામાં આવશે. યેલો ઝોનમાં કેટલાક પ્રતિબંધો સાથે બહાર નીકળી શકાશે અને રેડ ઝોનમાં ઘરની બહાર નીકળવાની પરમીશન નહીં હોય. દરેક ફેઝ ૧૦ દિવસના સમયના હશે. આવી રીતે ગુજરાતમાંથી સંપૂર્ણ લોકડાઉન દૂર કરવામાં ૩૦ દિવસનો સમય લાગશે.

સૂત્રો મુજબ, કેન્દ્ર સરકારે રાજ્ય સરકારો સાથે ચર્ચા કરીને ૧૪મી એપ્રિલ બાદ લોકડાઉનને કેવી રીતે ખોલી શકાય તે બાબતે મંતવ્યો મગાવ્યા હતા. જેમાં ગુજરાત સરકારે આ ભલામણો મોકલી હતી. ઉલ્લેખનીય છે કે ગુજરાતમાં કોરોના વાયરસના કેસોની સંખ્યા ખૂબ ઝડપથી વધી રહી છે.

રાજ્ય સરકારના ટોચના સૂત્રો મુજબ, કેન્દ્રને સૂચનો મોકલી દેવામાં આવ્યા છે અને તેના પરનો અંતિમ નિર્ણય ૧૪મી એપ્રિલ બાદ લેવામાં આવી શકે છે. રાજ્ય સરકારે તેવા પણ સૂચનો કર્યા છે કે પહેલા ફેઝમાં જરૂરી સુવિધાએ માટે ઈન્ડસ્ટ્રીયલ અને કોમર્શિયલ એકમોને છૂટ આપવામાં આવે. અન્ય કોમર્શિયલ અને ઈન્ડસ્ટ્રીયલ એક્ટિવિટી ગાઈડલાઈન્સ મુજબ સુરક્ષા અને સાવધાની સાથે બીજા અને ત્રીજા ફેઝમાં શરૂ થઈ શકે છે. રિપોર્ટમાં તેવો પણ ઉલ્લેખ છે કે સ્કૂલ, કોલેજ અને એજ્યુકેશનલ ઈન્સ્ટીટ્યૂટ લોકડાઉન બાદના બીજા અને ત્રીજા ફેઝમાં શરૂ થઈ શકે છે.

રાજ્ય સરકારે સૂચન કર્યું છે કે, લોકડાઉન સંપૂર્ણ રીતે ખતમ ન થાય ત્યાં સુધી શહેરોમાં પબ્લિક ટ્રાન્સપોર્ટેશન બંધ રહેવું જોઈએ. જ્યારે એરલાઈન્સ અને ટ્રેનને ત્રીજા ફેઝમાં પરમીશન આપવી જોઈએ. મોલ્સ અને મલ્ટીપ્લેક્સ લોકડાઉન સંપૂર્ણ ખતમ ન થાય ત્યાં સુધી બંધ રાખવા જોઈએ.

ટોચના સરકારી અધિકારીએ જણાવ્યું કે, 'આ સૂચનો કોરોના વાયરસની હાલની સ્થિતિને જોતા અને લોકડાઉનથી રાજ્ય સરકારને થઈ રહેલા આર્થિક નુકસાનને જોતા કરાયા છે. અધિકારી મુજબ, લોકડાઉન તબક્કાવાર રીતે બંધ કરવું જોઈએ કે નહીં, તેના પરનો નિર્ણય કેન્દ્ર સરકાર દ્વારા લેવામાં આવશે. જો કેન્દ્ર સરકાર લોકડાઉન વધારે છે તો રાજ્ય સરકાર તે નિર્ણયનું પાલન કરશે.'

**રાજ્ય સરકારે કરેલા અન્ય સુચનોઃ-**

- લોકડાઉન સંપૂર્ણ ખતમ ન થાય ત્યાં સુધી ફરજિયાત માસ્ક પહેરવું
- ટ્રાન્સપોર્ટેશન પર લોકડાઉન રહે ત્યાં સુધી સંપૂર્ણ પ્રતિબંધ
- ધાર્મિક, રાજકીય અને સામાજિક રીતે એકઠા થવા પર પ્રતિબંધ
- બધી સરકારી ઓફિસ ૫૦ ટકા સ્ટાફ સાથે વૈકલ્પિક દિવસોમાં ચાલુ રહેશે
- રેસ્ટોરન્ટ પોતાના પ્રિમાઈસીસમાં લોકડાઉન સુધી સર્વ કરી શકશે, પહેલા ફેઝમાં પાર્સલ સર્વિસ ચાલુ કરાશે.

### ૩૪ કેસો મળતા...

● અનુસંધાન પહેલાનું ચાલુ

લોકડાઉન વધારવાની જાહેરાત કરી છે. પંજાબમાં માસ્ક પહેરવાની બાબત ફરજિયાત કરાઈ છે. રાજ્યના મુખ્યમંત્રી અમરિન્દરસિંહ દ્વારા આ અંગેની માહિતી આપવામાં આવી છે. પંજાબમાં હવે માસ્ક પહેરવાની બાબત ફરજિયાત બની છે. જ્યારે પણ કોઈ ઈમરજન્સી માટે બહાર નિકળવામાં આવે ત્યારે માસ્ક પહેરવાની બાબત ફરજિયાત કરવામાં આવી છે. પંજાબના ૧૭ જિલ્લાઓ કોરોના વાયરસના સકંજામાં આવ્યા છે. આજ કારણસર અમરિન્દરસિંહે કેન્દ્ર સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલા ૨૧ દિવસના લોકડાઉનના ગાળાને પહેલી મે સુધી વધારી દેવાનો નિર્ણય કર્યો છે. કોમ્યુનિટી ટ્રાન્સમિશનને રોકવાના પ્રયાસરુપે આ પગલા લેવાઈ રહ્યા છે. ઓનલાઈન ડિલિવરીની શરૂઆત થઈ છે.

## હિન્દુ એકતા મંચ ગુજરાત ધ્વારા જરૂરીયાતમંદ પરીવારોને કરીયાણાની કીટનું વિતરણ

ભિલોડા,તા.૧૧

હિન્દુ એકતા મંચ ગુજરાત ધ્વારા જરૂરીયાતમંદ પરીવારોને કરીયાણાની કીટનું વિતરણ કરાયું હતું. હિન્દુ એકતા મંચ ગુજરાત, પ્રમુખ પાર્થરાજસિંહ ઝાલા,ટીમ સદસ્યો જયેશભાઈ પટેલ, પરાક્રમસિંહ ચૌહાણ, રોહિતભાઈ સગર, શીવાભાઈ સગર, હેમાશું વૈધ, રક્ષક પંચાલ, રોબીન સોની, સોનલબેન સોલંકી, ભંવરભાઈ સોલંકી સહિત ટીમના સભ્યો ધ્વારા કોરોના વાઈરસની મહામારી વચ્ચે સમગ્ર દેશભરમાં લોકડાઉનની સ્થિતી દરમ્યાન ધંધા-રોજગાર સંપુર્ણ બંધ થઈ ગયા છે. શ્રમજીવીઓ રોજનું કમાઈને રોજે રોજ પેટીયું રળતા પરીવારોની હાલત અત્યંત દયાજનક છે ત્યારે કોઈ પણ નાત જાતનો ભેદભાવ રાખ્યા વગર ૫૦૦૦ થી વધુ જરૂરીયાતમંદ પરીવારોને જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓની કીટ બનાવી વિતરણ કરાયું હતું.

૨૦૦૦ થી વધુ કીટોનું વિતરણ શરૂ કરાયું છે. હિન્દુ એકતા મંચ ગુજરાત ધ્વારા કોરાના મહામારી દરમ્યાન આર્થિક સંકટના સમયે માનવતા મહેકી પ્રસરી છે. કરીયાણાની કીટો ઈડર, વડાલી, જાદર, ખેડબ્રહ્મા, વિજયનગર, પોશીના, લાંબડીયા, ભિલોડા સહિત વિવિધ આજુબાજુના વિસ્તારોમાં વિતરણ કરાતા જરૂરીયાતમંદ પરીવારોમાં સર્વત્ર આનંદની લાગણી પ્રસરી હતી.

આગામી સમયમાં ગાયો માટે ઘાસચારો, બ્લડ પુરૂ પાડવા ૧૦૦૦ થી વધુ બોટલો બ્લડ એકત્ર કરવામાં આવશે તેમ હિન્દુ એકતા મંચ ગુજરાત, પ્રમુખ પાર્થરાજસિંહ ઝાલાએ જણાવ્યું હતું.

### વણસતિ સ્થિતિ

● અનુસંધાન પહેલાનું ચાલુ

તંત્રની ઉંઘ હરામ થઈ ગઈ છે. પોઝિટિવ મળેલા દર્દીઓમાં જમાતી લોકો હોવાનું પણ જાણવા મળ્યું છે. લાખોની વસ્તી ધરાવતા વિસ્તારમાં કોરોનાના દર્દીઓ વધી રહ્યા છે. બીજી બાજુ વાણિજ્ય પાટનગર મુંબઈમાં હાલત ખરાબ થઈ ગઈ છે. મુંબઈમાં કોરોના કહેર ચરમસીમા પર છે. અસરગ્રસ્તોનો આંકડો ૧૫૦૦થી ઉપર પહોંચી ગયો છે. કોરોના હોટસ્પોટ બની ચુકેલા મુંબઈમાં છેલ્લા ૨૪ કલાકના ગાળામાં જ ૨૨૪ નવા કેસો સપાટી ઉપર આવ્યા છે. ૧૦ લોકોના મોત પણ થયા છે. ધારાવીમાં ૨૮ કેસો મળી ચુક્યા છે. આવનાર સમયમાં કોરોનાને રોકવા માટે વિવિધ પગલા લેવામાં આવે તેવી શક્યતા છે. આગામી પાંચથી છ દિવસમાં દરરોજ ૨૦૦થી ૩૦૦ કેસ સપાટી ઉપર આવી શકે છે. મળેલી માહિતી મુજબ જો ૧૦ દિવસ સુધી સ્થિતિ આવી જ રહેશે તો મુંબઈમાં પણ ઈટાલી અને ન્યુયોર્ક જેવી સ્થિતિ થઈ શકે છે. મુંબઈમાં કોરોનાને રોકવા માટે બનતા તમામ પગલા લેવાઈ રહ્યા છે. મુંબઈની સાથે સાથે મહારાષ્ટ્રમાં પણ હાલત ચિંતાજનક બની રહી છે. મહારાષ્ટ્રમાં છેલ્લા ૨૪ કલાકના ગાળામાં ૪૦ લોકોના મોત થઈ ચુક્યા છે અને ૧૦૩૫ નવા કેસ સપાટી ઉપર આવ્યા છે. એકલા મહારાષ્ટ્રમાં કેસોની સંખ્યા ૧૬૮૦ સુધી પહોંચી ચુકી છે અને મોતનો આંકડો ૧૦૦ને પાર કરી ચુક્યો છે. નવા દર્દીઓમાં દિલ્હીના નિઝામુદ્દીનમાં ગયા મહિને થયેલા જમાતના કાર્યક્રમથી પરત ફરેલા બે લોકો પણ સામેલ છે. બીએમસીના અધિકારીઓના કહેવા મુજબ ૧૧ નવા દર્દીમાંથી ત્રણ મહિલાઓ છે જે પૈકી એકની વય ૨૯ વર્ષની છે.

### વિશ્વમાં

● અનુસંધાન પહેલાનું ચાલુ

હજુ ગંભીર રીતે અસરગ્રસ્ત રહેલા દર્દીઓની સંખ્યા હજારોમાં રહેલી છે. આવી સ્થિતીમાં દુનિયાના દેશમાં રિક્વરીમાં સમય લાગી શકે છે. અમેરિકા, ઈટાલી, સ્પેન સહિતના દેશોમાં સ્થિતી વણસી ગઈ છે. જ્યારે ચીન, દક્ષિણ કોરિયા અને જાપાન સહિતના દેશોમાં સ્થિતી હળવી કરવામાં આવી રહી છે. યુરોપમાં ઈટાલી બાદ હવે સ્પેન અમે અમેરિકા પણ ભારે મુશ્કેલી છે. સ્પેનમાં હવે ચીન કરતા વધારે કેસો થઈ ચુક્યા છે. આવી સ્થિતીમાં લોકડાઉનના નિયમોને વધારે કઠોર કરવામાં આવી રહ્યા છે. સૌથી અસરગ્રસ્ત દેશોમાં અમેરિકા, ઈટાલી, ચીન, ફ્રાન્સ અને જર્મનીનો સમાવેશ થાય છે. ચીનમાં આ વાયરસ ફેલાઈ જતા પહેલા સેન્ટ્રલ હુબેઈ પ્રાંતમાં ડિસેમ્બર માસમાં પ્રથમ કેસ સપાટી પર આવ્યો હતો.દુનિયાના અન્ય દેશો પણ કોરોના વાયરસના કારણે પરેશાન છે.વિશ્વના તમામ દેશોમાં દરરોજ કેસોની સંખ્યામાં

ચિંતાજનકરીતે વધારો થઈ રહ્યો છે. ગંભીર રીતે બિમારીના સકંજામાં રહેલા લોકોની સંખ્યા હજારોમાં છે.જે કુલ કેસોના ૨૧ ટકા જેટલી છે. વાયરસને કાબુમાં લેવા માટે વિવિધ પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં રોગ પર કાબુ લેવામાં સફળતા હાથ લાગી રહી નથી. ભારે હાહાકાર જારી છે.ચીનમાં નવા કેસો અને મોતનો આંકડો ઝડપથી ઘટી રહ્યો છે. જે સંકેત આપે છે કે ચીનમાં કોરોના પર અંકુશ મુકવામાં હવે સફળતા મળી રહી છે. જે ત્યાંના લોકો માટે મોટી રાહતની બાબત છે. દુનિયાના દેશો તેની સામે લડી રહ્યા છે પરંતુ કોરોનાના કારણે કેસો અને મોતના આંકડા પર અંકુશ મુકવામાં સફળતા મળી રહી નથી. હાલમાં વિશ્વમાં આશરે ત્રણ અબજ લોકો લોકડાઉનમાં જીવન ગાળી રહ્યા છે. કોરોના વાયરસનો આ આંકડો દરિયામાં પાણીની એક બુંદ સમાન છે. કારણ કે વાયરસના કારણે અસરગ્રસ્ત લોકોની સંખ્યા વિશ્વમાં ખુબ વધારે છે. રિકવર પણ મોટી સંખ્યામાં લોકો થઈ રહ્યા છે. જો કે સ્થિતીને સામાન્ય બનાવી દેવા માટેના પ્રયાસો યુદ્ધના સ્તર પર તમામ દેશો કરી રહ્યા હોવા છતાં સ્થિતી સુધારો થઈ રહ્યો નથી. કોરોનાના કારણે સ્થિતી ક્યારેય સુધરશે તે અંગે હાલમાં વાત કરવી મુશ્કેલ છે. સ્પેન અને ફ્રાન્સ પણ તમામ પ્રયાસો કરી રહ્યા છે. જો કે સફળતા મળી રહી નથી.

## અરવલ્લી પોલીસ કોન્સ્ટેબલને સલામ...
## કોરોના સામે લડવા એક મહિનાનો પગાર નહિ લે સરકાર રાહતફંડમાં જમા કરાવશે

દેશ આખો કોરોના વાયરસ સામેની લડાઈમાં ઝઝૂમી રહ્યો છે.



મોટા મોટા ઉદ્યોગપતીઓ, સેલિબ્રિટીઓ અને રાજકારણીઓ, ક્રિકેટરો પ્રધાનમંત્રી રાહત ફંડમાં કરોડો રૂપિયા જમા કરાવી રહ્યા છે. તો ઘણા લોકો એવા છે કે મુખ્યમંત્રી રાહત ફંડમાં પણ રકમ જમા કરાવી રહ્યા છે. લોકડાઉનની કડક અમલવારી વચ્ચે શ્રમિકો અને જરૂરિયાતમંદ લોકોની હાલત દયનિય બની રહી છે. અરવલ્લી જીલ્લામાં વહીવટીતંત્ર, પોલીસતંત્ર અને સેવાકીય સંસ્થાઓ સતત મદદનો ધોધ વહાવી રહી છે. અરવલ્લી જીલ્લા પોલીસતંત્રમાં એમ.ટી. શાખામાં ફરજ બજાવતા જીતેન્દ્રસિંહ મહોબતસિંહ નામના પોલીસ કોન્સ્ટેબલે એપ્રિલ મહિનાનો પગાર સરકારના રાહતફંડમાં જમા કરાવવાનો નિર્ણય કરતા અરવલ્લી જીલ્લા પોલીસવડા મયુર પાટીલે કોન્સ્ટેબલની અનોખી પહેલને "કોરોના વોરિયર" ગણાવી સરાહના કરી હતી.

અરવલ્લી જીલ્લા પોલીસતંત્રની એમ.ટી. શાખા મોડાસામાં ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા જીતેન્દ્રસિંહ મહોબતસિંહ (બ.નં-૨૦૯) નામના પોલીસ કર્મચારીએ ફૂલ નહિ તો ફૂલની પાંખડી સમાન એક મહિનાનો એપ્રિલ-૨૦૨૦ માસનો પગાર સરકારના રાહતફંડમાં કોરોના સામે મુશ્કેલી ભોગવી રહેલા ગરીબોની મદદ થઈ શકે તેવા ઉમદા હેતુથી જમા કરાવવા જીલ્લા પોલીસવડા મયુર પાટીલને લેખિત જાણ કરી હતી આમ તો આ રકમ ફૂલ નહિ તો ફૂલની પાંખડી છે. પણ ગરીબ લોકોની મદદ માટે પોલીસ કર્મચારીનો આ વિચાર આકાશને આંબે તેવો છે. પોલીસ કોન્સ્ટલેબલે એક મહિનાનો પગાર સરકારના રાહતફંડમાં જમા કરાવવાના નિર્ણયની પોલીસતંત્ર અને લોકોએ સરાહના કરી હતી.

### ગાંધીનગર હોટ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

એક રીતે નાગરિકો માટે ફેવરેબલ પુરવાર થયુ છે. આજે સિઝનની મહત્તમ ગરમી વચ્ચે નગરજનો દિવસ દરમિયાન ઘરમાં પુરાયેલા રહ્યા હતા. નાછુટકે જરૂરી ચીજવસ્તુઓ ખરીદવા માટે નિકળેલા નાગરિકો પણ ટોપી રૂમાલ અને ચશ્મા પહેરીને જતા નજરે પડયા હતા. માર્ગો પર દિવસ દરમિયાન એકલ દોકલ વ્યકિતની માંડ અવરજવર જોવા મળી હતી. છેલ્લા ચાર દિવસથી ગરમીનો પારો સતત ઉપર ચઢતો જોવા મળી રહ્યો છે. અલબત્ત મહત્તમ તાપમાન રોજ એક ડીગ્રી ઉંચકાતા આજે સિઝનની મહત્તમ ગરમી નોંધાઇ હતી. જયારે લઘુત્તમ તાપમાન પણ ૨૪ ડીગ્રી રહેતા રાત્રિના સમયે પણ નગરજનોએ ગરમીનો અહેસાસ કર્યો હતો. જયારે ગરમીના લીધે શહેરમાં ખુલ્લામાં રહેતા શ્રમિકો તેમજ ઝુંપડાવાસીઓની હાલત દયાજનક બની છે.